# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.

*****************************************************

**1)** લોકસભામાં ત્રિભુવન સહકારી યુનિવર્સિટી બિલ, 2025 અને સંસદમાં બેન્કિંગ કાયદા સુધારા ખરડો 2024 પસાર.

**2)** રાષ્ટ્રીય મહિલા આયોગ-NCW દેશના દરેક જિલ્લામાં લગ્ન પહેલાનું પરામર્શ કેન્દ્ર ખોલશે.

**3)** ચારધામ અને હેમકુંડ સાહિબ યાત્રા માટે સાડા સાત લાખથી વધુ યાત્રાળુઓએ ઓનલાઇન નોંધણી કરાવી.

**4)** અમેરિકાએ તમામ આયાતી વાહનો પર 25 ટકા ટેરિફની જાહેરાત કરી.

**5)** IPL ટી-20 ક્રિકેટમાં કોલકાતા નાઈટ રાઈડર્સે રાજસ્થાન રોયલ્સને 8 વિકેટે હરાવ્યું- આજે સનરાઇઝર્સ હૈદરાબાદ અને લખનઉ સુપરજાયન્ટ્સ વચ્ચે મેચ.

....................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# LS TRIBHUVAN CO OP BILL

લોકસભામાં ગઈ કાલે ત્રિભુવન સહકારી યુનિવર્સિટી બિલ, 2025 પસાર કરવામાં આવ્યું. ખરડામાં આણંદ સ્થિત ઇન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટને ત્રિભુવન સહકારી યુનિવર્સિટી તરીકે સ્થાપિત કરવાની અને તેને રાષ્ટ્રીય મહત્વની સંસ્થા તરીકે જાહેર કરવાની જોગવાઈ છે.

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે ખરડા પર ચર્ચાનો જવાબ આપતા કહ્યું, આ ખરડો ગ્રામ્ય અર્થવ્યવસ્થાને મજબૂત બનાવશે, સ્વરોજગારનું સર્જન કરશે. તથા નાના ઉદ્યોગ સાહસિકોનાં વિકાસમાં મદદરૂપ થશે. શ્રી શાહે જણાવ્યું, ત્રિભુવન સહકારી યુનિવર્સિટીનું નામ ગુજરાતમાં અમૂલ કંપનીનો પાયો નાખનારા ત્રિભુવનભાઈ પટેલના નામે રખાયું છે. તેમણે અમુલ મોડલની પ્રશંસા કરતા આ મુજબ જણાવ્યું.

## (BYTE AMIT SHAH AMUL)

દરમિયાન ગઇકાલે સંસદમાં બૅન્કિંગ કાયદા સુધારા ખરડો 2024 પસાર થયો હતો. રાજ્યસભાએ આ ખરડાને મંજૂરી આપી હતી. લોકસભામાં આ વિધેયક અગાઉ પસાર થઈ ચૂક્યું છે.

## COAL AUCTION

કોલસા મંત્રાલય આજે નવી દિલ્હીમાં વાણિજ્યિક કોલસા ખાણની હરાજીના 12મા તબક્કાનો પ્રારંભ કરશે. સૂચિત ખાણોમાંથી 13 કોલસા ખાણની સંપૂર્ણપણે તપાસ થઈ ગઈ છે. જ્યારે 12 ખાણની આંશિક તપાસ કરવામાં આવી છે.

આ હરાજીનો ઉદ્દેશ સ્થાનિક અને આંતર-રાષ્ટ્રીય રોકાણકારોને આકર્ષિત કરવાનો છે, જેનાથી ઊર્જા અને ઔદ્યોગિક વિકાસમાં આત્મનિર્ભરતા માટે ભારતની પ્રતિબદ્ધતાને પ્રોત્સાહન મળશે.

## NCW COUNSELING CENTRE

રાષ્ટ્રીય મહિલા આયોગ-NCWએ જણાવ્યું કે, તે દેશના દરેક જિલ્લામાં લગ્ન પહેલાનું પરામર્શ કેન્દ્ર ખોલશે. એનસીડબલ્યુના અધ્યક્ષ વિજયા રાહતકરે ગઈ કાલે પટણામાં જણાવ્યું કે, આ વર્ષે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર આયોગે શરૂ કરેલી આ એક નવી પહેલ છે. તેમણે કહ્યું કે, અત્યાર સુધીમાં 11 રાજ્યોમાં આવા 23 કેન્દ્રો ખોલવામાં આવ્યા છે.

અધ્યક્ષે જણાવ્યું કે, આ પરામર્શ કેન્દ્રો સરકારી જગ્યાઓ પર ખોલવામાં આવશે અને તેનું સંચાલન જિલ્લા અથવા મ્યુનિસિપલ સંસ્થાઓની દેખરેખ હેઠળ કરવામાં આવશે. સુશ્રી રાહતકરે જણાવ્યું કે, આ કેન્દ્રો દંપત્તિઓને લગ્ન અંગે સામાજિક મનોવિજ્ઞાન અને વર્તણુંક જેવા પાસાનું માર્ગદર્શન પૂરું પાડશે.

આ અંગે સુશ્રી રાહતકરે વધુ માહિતી આપી

(BYTE :RAHTAKAR)

## DRDO MISSILE

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન DRDO અને ભારતીય નૌકાદળે ઓડિશાના દરિયાકાંઠે ચાંદીપુર ખાતે ઇન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જથી સ્વદેશી રીતે

વિકસિત વર્ટિકલી-લોન્ચ્ડ શોર્ટ-રેન્જ સરફેસ-ટુ-એર મિસાઇલનું સફળ ઉડાન પરીક્ષણ કર્યું હતું.

સંરક્ષણ મંત્રીએ DRDO, ભારતીય નૌકાદળ અને ઉદ્યોગને અભિનંદન આપતા મિસાઈલ પ્રણાલીને સંરક્ષણ સંશોધન અને વિકાસમાં ભારતની મજબૂત ડિઝાઇન અને વિકાસ ક્ષમતાઓનો પુરાવો ગણાવ્યો હતો.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમ માટે નાગરિકો પાસેથી સૂચનો મગાવ્યા છે. માસિક રેડિયો કાર્યક્રમની આ 120મી કડી હશે. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં શ્રી મોદીએ આ કાર્યક્રમ માટે મોટા પ્રમાણમાં સૂચનો મળતાં આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું, આ સૂચનો સામાજિક સુખાકારી માટે સામૂહિક પ્રયાસની શક્તિને દર્શાવે છે. લોકો આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચનો ટૉલ-ફ્રી નંબર 1800-11-7800ના માધ્યમથી, નરેન્દ્ર મોદી એપ્લિકેશન અથવા માય-G.O.V. ઑપન ફોરમના માધ્યમથી ઑનલાઈન પણ પોતાના સૂચનો મોકલી શકાશે. આ સૂચનો આવતીકાલ સુધી મોકલી શકાશે.

# CHAR DHAM REGISTRATION

ચારધામ અને હેમકુંડ સાહિબ યાત્રા 2025 માટે ગઈ કાલ સુધી સાડા સાત લાખથી વધુ યાત્રાળુઓએ આધાર પ્રમાણીકરણનો ઉપયોગ કરીને નોંધણી કરાવી છે. એક નિવેદનમાં, ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે જણાવ્યું કે, આ પગલાથી નોંધણીનું ડુપ્લિકેશન થતું રોકવામાં મદદ મળશે અને આધાર આધારિત ડિજિટલ ચકાસણી નોંધણી પ્રક્રિયા ઝડપી બનશે.

**આધાર આધારિત ઓનલાઇન નોંધણીને કારણે સત્તાવાળાઓ યાત્રાળુઓની અવરજવર પર નજર રાખી શકે છે, મંદિરોમાં વધુ પડતી ભીડને ટાળવા માટે વધુ સારી રીતે તૈયારી કરી શકે છે અને ખાસ કરીને ઊંચાઈવાળા વિસ્તારોમાં હવામાન સંબંધિત માહિતીના પ્રવાહમાં સુધારો કરી શકે છે.**
**ઉત્તરાખંડ પ્રવાસન વિકાસ બોર્ડે આ યાત્રાઓ માટે 20મી માર્ચથી નોંધણી શરૂ કરી છે. નિયુક્ત કેન્દ્રો પર ઓફલાઇન નોંધણી પણ ઉપલબ્ધ છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલૉ કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

## S JAISHANKAR CHINA

**વિદેશ મંત્રી ડોક્ટર એસ. જયશંકરે કહ્યું કે, ભારત અને ચીન 2020માં ગલવાન ખીણની અથડામણથી ખરડાયેલા સંબંધોને પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે, તણાવપૂર્ણ સંબંધોથી કોઈ પણ પક્ષને ફાયદો નહીં થાય, મતભેદો વિવાદ ન બનવા જોઈએ અને સ્પર્ધા સંઘર્ષ ન બનવી જોઈએ.**

ગઈ કાલે નવી દિલ્હીમાં એશિયા સોસાયટીના પ્રમુખ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ડૉ. ક્યુંગ-વા કાંગ સાથેની વાતચીતમાં ભારત-ચીન સંબંધો પર બોલતા તેમણે આ ટિપ્પણી કરી હતી.

જયશંકરે ભારપૂર્વક જણાવ્યું કે, ગયા વર્ષે ઓક્ટોબરથી બંને દેશો વચ્ચેના સંબંધોમાં થોડો સુધારો જોવા મળ્યો છે, જેમાં બંને દેશો દ્વિપક્ષીય સંબંધોના વિવિધ પાસાઓ પર કામ કરી રહ્યા છે.

વિદેશ મંત્રીએ જણાવ્યું કે, ભારત અને અમેરિકા વેપાર પર ખૂબ જ સક્રિય અને સઘન ચર્ચા કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે, નવી દિલ્હી અમેરિકા સાથે તેના ઉર્જા સંબંધોને વધારવા પર પણ ધ્યાન આપી રહ્યું છે.

તેમણે કહ્યું કે, વેપાર પર અમેરિકા સાથે મુક્ત ચર્ચા થઈ છે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ દ્વારા આ વર્ષના અંત સુધીમાં દ્વિપક્ષી વેપાર સમજૂતી કરવાના નિર્ણયનું આ પરિણામ છે.

# TRUMP AUTO TARIFF

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં પ્રવેશતા તમામ આયાતી વાહનો પર 25 ટકા ટેરિફની જાહેરાત કરી છે. નવા આયાત કરવેરા 2 એપ્રિલથી અમલમાં આવશે. અમેરિકા બીજી એપ્રિલથી જ વેપાર ખાધ માટે જવાબદાર દેશોને ધ્યાનમાં રાખીને પારસ્પરિક ટેરિફની લાદવાની યોજના ધરાવે છે.

આ વ્યાપક પગલાનો ઉદ્દેશ અમેરિકાના કાર ઉત્પાદકોને પ્રોત્સાહિત કરવાનો છે. આ નિર્ણયથી યુરોપિયન દેશો, જાપાન અને દક્ષિણ કોરિયા સહિત મુખ્ય ઓટોમોટિવ ઉત્પાદક દેશો સાથે વેપાર તણાવ વધવાની સંભાવના છે.

યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને આ પગલાને વેપાર ઉદ્યોગ અને ગ્રાહકો માટે નુકસાનકારક ગણાવ્યું હતું, જ્યારે કેનેડાના પ્રધાનમંત્રી

માર્ક કાર્નીએ તેને કેનેડાના કામદારો પર સીધો હુમલો ગણાવ્યો હતો. શ્રી ટ્રમ્પનાં આ નિર્ણયથી વાહનોની કિંમતોમાં હજારો ડોલરનો વધારો થઈ શકે છે.

# IPL CRICKET RESULT

આઇપીએલ ટી-20 ક્રિકેટમાં કોલકાતા નાઈટ રાઈડર્સે ગઈ કાલે ગુવાહાટીમાં રાજસ્થાન રોયલ્સને 8 વિકેટે હરાવ્યું હતું. કોલકાતા નાઈટ રાઈડર્સે 17.3 ઓવરમાં બે વિકેટ ગુમાવીને 153 રન બનાવીને લક્ષ્યાંક પાર કર્યો હતો. ક્વિન્ટન ડી કોકે 61 બોલમાં અણનમ 97 રનની શાનદાર ઇનિંગ રમીને જીત સરળ બનાવી હતી.અગાઉ, બેટિંગ કરવા ઉતરેલી રાજસ્થાન રોયલ્સે નિર્ધારિત 20 ઓવરમાં નવ વિકેટ ગુમાવીને 151 રન બનાવ્યા હતા. કોલકાતા નાઈટ રાઈડર્સે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી હતી.

આજે હૈદરાબાદના રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં સનરાઇઝર્સ હૈદરાબાદ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે મુકાબલો થશે. આ મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.

# KHELO INDIA - CLOSING CEREMONY

ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સ 2025નું આજે સાંજે ભવ્ય સમારોહ સાથે સમાપન થશે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત આ સમારોહમાં યુવા બાબતો અને રમતગમત રાજ્ય મંત્રી રક્ષા નિખિલ ખડસે ઉપસ્થિત રહેશે. ખેલો ઇન્ડિયા મિશન હેઠળ એક મુખ્ય પહેલ તરીકે, પેરા ગેમ્સ પ્રતિભાશાળી રમતવીરોને ઉચ્ચ સ્તરે તેમની કુશળતા દર્શાવવા માટે એક મહત્વપૂર્ણ મંચ પ્રદાન કરે છે. આઠ દિવસની આ સ્પર્ધામાં પેરા તીરંદાજી, પેરા એથ્લેટિક્સ, પેરા બેડમિન્ટન, પેરા પાવરલિફ્ટિંગ, પેરા શૂટિંગ અને પેરા ટેબલ ટેનિસ સહિત છ રમતોમાં1 હજાર 300 થી વધુ પેરા-એથ્લેટ્સે ભાગ લીધો હતો.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- અલહાબાદ હાઈકોર્ટના જજ દ્વારા કરાયેલા નિવેદન અંગેના સમાચારને આજે મોટાભાગના તમામ અખબારોએ પ્રથમ પાને છાપ્યા છે. સંદેશે સર્વોચ્ચ અદાલતના નિવેદનને ટાંકીને લખ્યું, અલહાબાદ હાઇકોર્ટની ટિપ્પણી અસંવેદનશીલ.
- નવગુજરાત સમયે હેડલાઇન કરતાં લખ્યું, અલ્હાબાદ હાઇકોર્ટના જજના અવલોકનથી સુપ્રીમ કોર્ટ લાલઘૂમ.
- ત્રિભુવન સહકારી યુનિવર્સિટી વિધેયક અંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના નિવેદનને ટાંકીને સંદેશ સમાચારે લખ્યું, આઝાદીના 75 વર્ષ બાદ દેશને પહેલી સહકારી યુનિવર્સિટી મળી
- મેદસ્વિતા અભિયાનના સમાચાર અંગે દિવ્ય ભાસ્કરે લખ્યું, મેદસ્વિતા દૂર કરવા સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં વિશેષ ઓપીડી ચલાવાશે
- ફૂલછાબ અખબારે અમેરિકાની ચૂંટણી અંગેના સમાચાર પ્રથમ પાને છાપતાં લખ્યું છે, અમેરિકા લાગુ કરશે ભારત જેવી ચૂંટણી પ્રક્રિયા
- સંદેશ સમાચારે શ્રીનગરમાં એશિયાના સૌથી મોટા તુલીપ ગાર્ડનની તસવીર પ્રથમ પાને છાપી છે
- હરિયાણામાં રાજ્યના પોલીસ જવાનોને નડેલા અકસ્માતના સમાચારને રાજસ્થાન પત્રિકાએ પ્રથમ પાને છાપતાં લખ્યું, અમદાવાદના રામોલના બે પોલીસ જવાન સહિત 3નાં મોત.. સંદેશ લખે છે પોકસોના આરોપીને પકડવા હરિયાણા જતી રામોલ પોલીસનો અકસ્માત.
- દિવ્ય ભાસ્કરે અમદાવાદમાંથી પકડાયેલા શંકાસ્પદ પનીર અંગે લખ્યું, ગોતા, જીવરાજ પાર્ક, વસ્ત્રાલ, નિકોલમાંથી 508 કિલો શંકાસ્પદ પનીર જપ્ત.